# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬

ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

**Web : www.incgujarat.com** **E-mail : gpcc1234@gmail.com**


અખબારી યાદી તા. ૨૫/૦૭/૨૦૨૫

- ગુજરાતમાં સતત વધતા હિટ એન્ડ રનના કેસો એ ભાજપ સરકારની નિષ્ફળતાની સાબિતી: માત્ર નિવેદનબાજી નહીં નક્કર કામગીરી કરે ભાજપ સરકાર
- ગાંધી- સરદારના ગુજરાતમાં દારૂની રેલમછેલ હવે નાગરિકોના ભોગ લઈ રહી છે તે માટે જવાબદાર કોણ?

ગાંધી - સરદારના રાજ્યનાં નબીરાઓ ચિક્કાર દારૂ પીને કરેલી હિટ એન્ડ રનની ઘટનાઓમાં નગરજનોના મોતનો આંકડો સતત વધી રહ્યો છે બેફામ અને છટકા બનીને હિટ એન્ડ રન કરતા નબીરાઓને રોકવામાં સદંતર નિષ્ફળ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. હિરેન બેન્કરે જણાવ્યું હતું કે ગાંધી- સરદારના ગુજરાતમાં દારૂની રેલમછેલ હવે નાગરિકોના ભોગ લઈ રહી છે તે માટે જવાબદાર કોણ? પાટનગર ગાંધીનગરમાં દારૂ પીધેલ નબીરાઓએ ટક્કર મારી પરિણામે ત્રણથી વધુ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. રાજ્યમાં કાયદા અમલીકરણની ઢીલી નીતિ અને નબળી કામગીરીને લીધે હિટ એન્ડ રન જેવી ઘટનાઓ વધી છે. ગુજરાતના રસ્તાઓ મોતના માર્ગ બની ગયા છે. છડેચોક નબીરાઓ દારૂ ઢીંચીને માસૂમ નાગરિકોને ગાડી તળે કચડીને મોતને ઘાટ ઉતારી રહ્યા છે. બેરોકટોક દારૂના વ્યાપાર અને તેને કારણે થઈ રહેલા હિટ એન્ડ રનના કેસો રોકવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ રહી છે. સરકાર માત્ર 'કડક કાર્યવાહી કરીશું, ચમરબંધીને છોડવાના નહીં આવે' જેવા નિવેદનબાજીથી પોતાની જવાબદારીમાંથી છટકી જવા માંગે છે. રાજ્યમાં કડક કાયદાકીય અમલવારી, ટ્રાફિક નિયમોનું પાલન અને અસરકારક દેખરેખની સખત જરૂર છે, પરંતુ ભાજપ સરકાર આ બાબતે સંપૂર્ણપણે નિષ્ક્રિય રહી છે.

ગુજરાતમાં ત્રણ વર્ષમાં હિટ એન્ડ રનના કેસોમાં ૩૪૦૦થી વધુ લોકોના મોત થયા છે અને ૨૭૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૦- ૨૧માં ૧૪૯૯, વર્ષ ૨૦૨૧- ૨૨માં ૧૫૯૧ અને વર્ષ ૨૦૨૨- ૨૩માં ૧૭૭૦ હિટ એન્ડ રનના કેસો નોંધાયા છે, જેની કુલ સંખ્યા ૪૮૬૦ થાય છે. આ અકસ્માતોમાં ૩૪૪૯ નિર્દોષ નાગરિકોએ જીવ ગુમાવ્યો, જેમાંથી એકલા અમદાવાદ જિલ્લામાં ૩૨૯ મોત થયા છે. આ ઉપરાંત, ૨૭૨૦ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.સરકારની નિષ્ક્રિયતાને કારણે નિર્દોષ નાગરિકોના જીવનું મૂલ્ય ઘટી રહ્યું છે. આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે રાજ્યમાં હિટ એન્ડ રનના કેસો અને તેનાથી થતા મોતની સંખ્યા સતત વધી રહી છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૦૬૯, વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૧૫૮ અને વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૨૨૨ મોત નોંધાયા છે, જે રાજ્ય સરકારની નિષ્ફળતા અને બેદરકારીને ઉજાગર કરે છે. આવા કેસોમાં નિર્દોષ લોકોના જીવ જાય છે, પરંતુ શું ભાજપા સરકાર ગંભીર પગલાં લેવાને બદલે માત્ર નિવેદનબાજીથી ખુશ છે? અમદાવાદ જેવા મહાનગરોમાં પણ ટ્રાફિક વ્યવસ્થા નબળી છે અને હિટ એન્ડ રનના કેસોમાં ગુનેગારોને કડક સજા કરી ઉદાહરણ પૂરું પાડવામાં પોલીસ વિભાગ નિષ્ફળ રહ્યું છે. સરકાર તાત્કાલિક અસરથી રાજ્યમાં બેરોકટોક અને બેફામ પણે વેચાઈ રહેલા દારૂને બંધ કરે, હિટ એન્ડ રનના કેસો ઘટાડવા માટે કાયદાનું કડક અમલ કરે, ટ્રાફિક વ્યવસ્થાપનને મજબૂત કરે, બેફામ બનેલા નબીરાઓ પર ત્વરિત કાર્યવાહી કરી કડક સજા કરે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

ડૉ. હિરેન બેન્કર

પ્રવક્તા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ